Extra No. 105

વાર્ષિક લવાજમનો દર ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI ] THURSDAY, AUGUST 27, 2015/BHADRA 5, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

### PART IV-A

**Rule and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

### LEGAL DEPARTMENT

**Notification**

Sachivalaya, Gandhinagar, 27th August, 2015.

**CONSTITUTION OF INDIA.**

No. : GK/30/2015/ECO/102013/19/837/E:- In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating the recruitment to the post of Assistant Charity Commissioner, Class I in the Legal Department, namely :-

1. These rules may be called the Assistant Charity Commissioner, Class I Recruitment Rules, 2015.

2. Appointment to the post of Assistant Charity Commissioner, Class I in the Legal Department shall be made either -

   (a) by direct selection; or

   (b) by temporary transfer on deputation basis from amongst the persons who has worked or is working on the cadre of Civil Judge and who possess the experience as prescribed in clause (d) (i) of rule 3 for direct selection or working on the post which can be considered to equivalent to Civil Judge and who possess the educational qualification as prescribed in clause (b) and sub-clause (ii) of clause (d) of rule 3 for direct selection.

3. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall -

   (a) not be more than 40 years of age :

Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already in service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.

(b) possess a Special Degree in law or Integrated LL.B. obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institutions recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or possess and equivalent qualification recognised by the Government;

(c) possess the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967; and

(d) (i) have atleast four years experience on the post not below the rank of Civil Judge; or

(ii) have atleast four years experience on the post which can be considered equivalent to the post not below the rank of Civil Judge; or

(iii) a person who has been for at least seven years -

(a) an Advocate enrolled under the Advocate Act.1961; or

(b) an Attorney of a High Court.

**Explanation :-** Such experience certificate shall be certified in case of an advocate practicing in the High Court by the Registrar General and in other cases by the Presiding Officer of the Court or the Tribunal where he practices as an Advocate.

(e) possess adequate knowledge of Gujarati or Hindi or both.

4. The selected candidate shall be on probation for a period of two years.

5. The selected candidate shall, during his probation period, require to undergo pre-service training and to pass the post training examination in accordance with the provisions of the Gazette Officer (Pre-Service Training and Examination) Rules, 1970.

6. The selected candidate shall, during his probation period, require to pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

7. The selected candidate shall be required to pass an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

8. The selected candidate shall have to undergo such training and pass such examination as may be prescribed by the Government.

9. The selected candidate shall be required to furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

**UPENDRA M. BHATT,**
Deputy Secretary to Government.

-----------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

Extra No. 240

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

5¹/c

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII ] FRIDAY, DECEMBER 23, 2016/PAUSA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

### PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

### LEGAL DEPARTMENT

### Notification

Sachivalaya, Gandhinagar, 20th December, 2016.

**CONSTITUTION OF INDIA.**

No: GK/97/2016/ECO/102013/19/E :-In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India, the Governor of Gujarat hereby makes the following rules further to amend the Assistant Charity Commissioner, Class I Recruitment Rules. 2015, namely :-

1. These rules may be called the Assistant Charity Commissioner, Class I, Recruitment (Amendment) Rules, 2016.

2. In the Assistant charity commissioner, Class I, Recruitment rules, 2015, (hereinafter referred to as "the said rules"), in rule 3, in clause (a),-

   (i) for the figure and word, "40 years", the figure and word, "45 years" shall be substituted;

   (ii) after the existing proviso, the following proviso shall be inserted, namely :-

   Provided further that nothing contained in clause (b) of sub-rule (9) of rule 8 of the Gujarat Civil Services Classification and Recruitment rules (General). 1967 shall be applicable in so far as relaxation of upper age limit as prescribed above is concerned:".

3. In the said rules, in rules 4, 5, 6, 7, 8 and 9 for the words "selected candidate", the words "candidate appointed by direct selection" shall be substituted.

By order and in the name of the Governor of Gujarat,

**P. M. UNADKAT,**
Deputy Secretary to Government.

------------



Government Central Press, Gandhinagar.

૯૭) 53/૯

૧૩૨૫/૫-૯

## જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૭મી ઓગસ્ટ,૨૦૧૫.

**ભારતનું સંવિધાન**

**ક્રમાંકઃ જીકે/ ૩૦/૨૦૧૫/ઇસીઓ/૧૦૨૦૧૩/૧૯/૮૩૭/ઇ** :-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કાયદા વિભાગમાં, મદદનીશ ચેરિટી કમિશનર, વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, મદદનીશ ચેરિટી કમિશનર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. કાયદા વિભાગમાં, મદદનીશ ચેરિટી કમિશનર, વર્ગ ૧ની જગા ઉપરની નિમણૂક,-

(ક) સીધી પસંદગીથી કરવી જોઇશે; અથવા

(ખ) જેમણે દીવાની (સિવિલ) જજના સંવર્ગમાં કામ કરેલું હોય અથવા કામ કરતી હોય તેવી અને સીધી પસંદગી માટે નિયમ ૩-ના ખંડ (ઘ) (૧)માં ઠરાવ્યા પ્રમાણેનો અનુભવ ધરાવતી હોય તેવી અથવા દીવાની (સિવિલ) જજને સમકક્ષ ગણી શકાય તેવી જગા પર કામ કરતી હોય તેવી તથા સીધી પસંદગી માટે નિયમ ૩-ના ખંડ (ખ) અને ખંડ (ઘ)ના પેટા-ખંડ (૨)-માં ઠરાવ્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત ધરાવતી હોય તેવી વ્યક્તિઓમાંથી, પ્રતિનિયુક્તિને આધારે, હંગામી બદલીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ 3 હેઠળ તે તરીકે માન્ય થયેલી અથવા ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થાઓમાંથી મેળવેલી કાયદામાં અથવા ઇન્ટિગ્રેટેડ એલ.એલ.બી.-માં વિશેષ પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) (૧) દીવાની (સિવિલ) જજથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો ઓછામાં ઓછો ચાર વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) દીવાની (સિવિલ) જજથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી તે (સિવિલ જજ)ની જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો ઓછામાં ઓછો ચાર વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૩) ઓછામાં ઓછા સાત વર્ષથી,-

(ક) એડવોકેટ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ, તે વ્યકિત એડવોકેટ તરીકે નોંધાયેલ હોવી જોઇશે; અથવા

(ખ) હાઇકોર્ટના એટર્ની હોવા જોઇશે.

૨૨૯/પ્ર.શિ
૨૨૭/પ્ર.શિ

**સ્પષ્ટીકરણ:-** આવું અનુભવનું પ્રમાણપત્ર, હાઇકોર્ટમાં પ્રેક્ટિસ કરતા એડવોકેટના કિસ્સામાં રજિસ્ટ્રાર જનરલ-એ અને અન્ય કિસ્સામાં, તે એડવોકેટ તરીકે જ્યાં પ્રેક્ટિસ કરતા હોય ત્યાંની કોર્ટ અથવા ટ્રિબ્યુનલના પ્રમુખ અધિકારીએ પ્રમાણિત કરવાનું રહેશે.

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. પસંદગી પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું જોઇશે.

૫. પસંદગી પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. પસંદગી પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. પસંદગી પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**ઉપેન્દ્ર એમ. ભટ્ટ,**
સરકારના નાયબ સચિવ.

૫૦૨
૩૭/૮

૧૨૯/૫.૧

<u>જાહેરનામું.</u>

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૦ મી ડિસેમ્બર, ૨૦૧૬.

<u>ભારતનું સંવિધાન</u>

<u>**ક્રમાંક: જીકે/ ૯૭/૨૦૧૬/ઇસીઓ/૧૦૨૦૧૩/૧૯/ ઇ**</u> :-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મદદનીશ ચેરિટી કમિશનર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, મદદનીશ ચેરિટી કમિશનર, વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મદદનીશ ચેરિટી કમિશનર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (ક)માં,-

(૧) "૪૦ વર્ષ" એ આંકડા અને શબ્દને બદલે, "૪૫ વર્ષ" એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક મૂકવો:-

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ.".

(૩) સદરહુ નિયમોમાં, નિયમો ૪, ૫, ૬, ૭, ૮ અને ૯માં, "પસંદગી પામેલા ઉમેદવારે" એ શબ્દોને બદલે, " સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**પી.એમ.ઉનડકટ,**
સરકારના નાયબ સચિવ.